પ્રાપ્તિ તારીખઃ ૧૧/૦૮/૨૦૦૯
નોંધ્યા તારીખઃ ૧૧/૦૮/૨૦૦૯
ફેંસલ તારીખઃ ૦૭/૦૩/૨૦૨૬
સમય – <u>વર્ષ માસ દિવસ.</u>

**માંગરોલના એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.માંગરોલ.**

ફોજદારી કેસ નંબર : ૮૫૬/૨૦૦૯
આંક :– ૨૭

| | | |
|---|---|---|
| ફરીયાદી | | શ્રી સરકાર |
| | | વિરૂધ્ધ |
| આરોપીઓ | ૧. | આસીફ ઉર્ફે વાસીફ સયાજુદીન પઠાણ.<br>(સદરહું આરોપીએ ગુનો કબુલ કરેલ છે.) |
| | ૨. | નીયાઝ અહમદ મુસ્તાક અહમદ કુરેશી.<br>રહે. રામપુર બંથરી, થાના માંધાતા, પો. મજીગવા, જી. પ્રતાપગઠ, (યુ.પી.). |
| | ૩. | મોહમદ તૈયબ ઉર્ફે સહેજાઅલી આબાદઅલી કુરેશી.<br>રહે. રામપુર બંથરી, થાના માંધાતા, પો. મજીગવા, જી. પ્રતાપગઠ, (યુ.પી.). |
| | ૪. | ઇમ્તીયાઝ ઉર્ફે રાજુ બિહારી નશીરઅહમદ અંસારી.<br>રહે. મહુવા વલીભાઇના ચોકમાં, ખરેડીયા મહોલ્લામાં નાકા પર, તા. મહુવા, જી. ભાવનગર. |
| ગુન્હો | | ઇ.પી.કો.ક. ૩૭૯ તથા ૧૧૪ મુજબ. |
| ફરીયાદપક્ષ | | વિધ્વાન એ.પી.પી. શ્રી એસ.એન. ચાંપાનેરીયા. |

| | | |
|---|---|---|
| બચાવપક્ષે | | વિધ્વાન વકીલ શ્રી કોઇ નહિ. |

# – ઠરાવ –

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હિકકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૬.૧૨.૦૮ ના કલાક ૧૮.૦૦ થી ૧૮.૩૦ વાગ્યા દરમ્યાન મોજે પાલોદ ગામની સીમમાં ને.હા. નં. ૮ ની બાજુમાં આવેલ રોયલ ઈન હોટલના કંપાઉન્ડમાં આ કામના ફરીયાદીનાઓનો ટ્રક નંબર GJ 19 779 કિંમત રુ. ૩,૦૦૦,૦૦/–ની મતાનો આ કામના ટ્રક ડ્રાયવર સાહેદ નં. (૫) નાઓ હોટલના કંપાઉન્ડમાં ઊભો રાખી હોટલમાં ચા પાની કરવા ગયેલ તે દરમ્યાન આ કામના આરોપી નં. (૧) થી (૩) નાઓએ ચોરી કરી લઈ નાસી જઈ તહો. નં. (૪) નાંને વેચાણ આપતા પકડાઈ જઈ ગુનો આચરેલ, જેથી આરોપીઓ વિરુધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ – ૩૭૯ તથા ૧૧૪ હેઠળના ગુન્હા બાબતે ફરિયાદ નોંધવામાં આવેલ હતી.

(૨) આ કામના ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજૂ કરેલ છે.

(૩) અદાલતમાં ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓને સમન્સ કાઢવામાં આવેલ. આ કામનુ રેકર્ડ ધ્યાને લેતા આરોપી નં. ૧ નાએ ગુનો કબુલ કરેલ હતો જયારે કામના આરોપી નં. ૨ થી ૪ નાઓ મળી ન આવતા સદરહું કેસ ઘણો જુનો હોય, હાલના આરોપીઓ મળી આવતા ન હોય, જેથી આરોપીઓની

ગેરહાજરીમાં ક્રિ.પ્રો.કો.ક. – ૨૯૯(૧) મુજબ પુરાવો નોંધી કેસ આગળ ચલાવવાનો હુકમ કરેલ.

(૪) ફરિયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

## મૌખિક પુરાવા

| | | |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ આસીફ શબ્બીર દુકાનદારની જુબાની. | ૦૯ |
| ૨. | પંચ સાહેદ શઇદ મહમદ રસુલ સરદારની જુબાની. | ૧૧ |
| ૩. | ફરીયાદી ફીરોજ અબ્દુલ રઝાક શેખની જુબાની. | ૧૪ |
| ૪. | સાહેદ આનંદ પુરનમલ વર્માની જુબાની. | ૧૬ |
| ૫. | પંચ સાહેદ લક્ષ્મણભાઇ બેચરભાઇ પરમારની જુબાની. | ૨૨ |

## દસ્તાવેજી પુરાવા

| | | |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૧૦ |
| ૨. | ફરીયાદ. | ૧૫ |
| ૩. | પંચનામા. | ૨૩ થી ૨૫ |

(૫) ઉપરોકત પુરાવો રજૂ કર્યા બાદ આ કામના સાહેદ અમૃત વનજી પાટીલ ને આંક–૨૦ કાઢેલ સમંસ વગર બજે અને સાહેદ સરનામે રહેતા ન હોવાના શેરા સાથે પરત આવેલ છે જયારે આંક–૧૭ થી ત. ક. અમલદાર એ.એસ.આઈ રમેશભાઈ ખંડુભાઈનો સમંસ સદર સાહેદ મરણ ગયેલાના શેરા સાથે તથા મરણના દાખલા સાથે પરત આવેલ છે અને આ કેસ ૧૫ વર્ષ

જુનો હોઈ એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષે પુરાવા બંધ થયાનું મૌખિક રીતે જાહેર કરેલ છે.

(૬) કેસની હકીકતો બંને વિ.વ.શ્રીઓની દલીલો લક્ષ્યમાં લેતાં , આ કેસના નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયા છે .

– મુ દ્દા –

૧. શું ફરિયાદપક્ષ શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપીઓએ તા.૬.૧૨.૦૮ ના કલાક ૧૮.૦૦ થી ૧૮.30 વાગ્યા દરમ્યાન મોજે પાલોદ ગામની સીમમાં ને.હા. નં. ૮ ની બાજુમાં આવેલ રોયલ ઈન હોટલના કંપાઉન્ડમાં આ કામના ફરીયાદીનાઓનો ટ્રક નંબર GJ 19 779 કિંમત રુ. ૩,૦૦૦,૦૦/–ની મતાનો આ કામના ટ્રક ડ્રાયવર સાહેદ નં. (૫) નાઓ હોટલના કંપાઉન્ડમાં ઊભો રાખી હોટલમાં ચા પાની કરવા ગયેલ તે દરમ્યાન આ કામના આરોપી નં. (૧) થી (૩) નાઓએ ચોરી કરી લઈ નાસી જઈ તહે. નં. (૪) નાંને વેચાણ આપતા પકડાઈ જઈ ભારતીય ફોજદારી ધારાની કલમ – ૩૭૯ તથા ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

મુદ્દા નં.૦૧ : – નકારમાં

મુદ્દા નં .૦૨ : – આખરી હુકમ મુજબ

(૮) ઉપરોકત નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છેઃ

**– કા ર ણો –**

(૯) મુદ્દા નં .૧ :

(૯/૧) ફરિયાદપક્ષે આંક–૦૯ થી પંચ સાહેદ આસીફ શબ્બીર દુકાનદારનાઓને તથા આંક–૧૧ થી પંચ સાહેદ શઇદ મહમદ રસુલ સરદારનાઓને તપાસવામાં આવેલ છે, તેઓ તેમની જુબાનીમાં આંક–૧૦ ના ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે, તેઓએ સદરહું પંચનામાની કોઇ હકીકતને સમર્થન આપેલ નથી. તેઓએ ફકત સદરહું પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની કોઇ હકીકતને સમર્થન આપેલ નથી.

સદરહું પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય, વિ.એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા છતાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

આરોપીઓ સામે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબ કેસ ચલાવવામાં આવાત સદરહું પંચ સાહેદોની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૯/૨) ફરિયાદપક્ષે આંક –૧૬ થી સાહેદ આનંદ પુરનમલ વર્માનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, "કહેવાતો ચોરીનો બનાવ આજથી ૧૬ વર્ષ પહેલા બનેલો. બનાવ ના અરશામાં હું બિલ્ડીંગ કોન્ટ્રાક્ટ કરી મારુ ગુજરાન ચલાવતો હતો. બનાવ ના અરશામાં હું મારા મિત્ર ફીરોજ અબ્દુલ રજાક શેખ કે જે સિમેન્ટ, ઇંટ, રેતી–કપચીનો વેપાર નુ કામ કરતો હોય જેની સાથે મળી અમોએ ભાગીદારીમાં એક ટ્રક GJ–19–V–779 ખરીદ કરેલ હતી. આ ટ્રકમાં બનાવના અરસામાં ડ્રાઇવર તરીકે અમ્રુત વનજી પાટીલ નોકરી કરતો હતો. અને તે આ ટ્રક સુરત થી માંડવા, અંકલેશ્વર રેતી ભરી કીમ ચાર રસ્તા ખાતે રેતી ખાલી કરી ત્યાંથી ઇંટો ભરી સુરત ખાલી

કરવાના ફેરા મારતો હતો. બનાવના દીવસે સાંજે ઉપરોક્ત ટ્રક અમારો ડ્રાઈવર અમ્રુત પાટીલ સુરત થી માંડવા, અંકલેશ્વર રેતી ભરવા નિકળેલો હતો. ત્યારે તેનો મારા ઉપર ફોન આવી જણાવેલ કે તે ટ્રક લઈ પાલોદ ગામની સીમમાં NH−48 ની બાજુમાં આવેલ રોયલ ઈન હોટલ પર ચા−પાણી કરવા માટે ગયેલ ત્યારે ઉપરોક્ત ટ્રક તેને હોટલના કમ્પાઉડમા ઉભી રાખેલ હતી અને ચા−પાણી કરી પરત આવતા ટ્રક પાર્ક કરેલ જગ્યા ઉપર જોવા મળેલી નહી. અને આજુબાજુ નજીકમાં પણ તપાસ કરતા મળી આવેલ નહી. જેથી, હું ઉપરોક્ત જગ્યાએ જઇ તપાસ કરેલી અને ટ્રકની શોધ−ખોળ કરેલી પરંતુ મળી આવેલ નહી. ઉપરોક્ત ટ્રક અમોએ શ્રી રામ ફાઇનાન્સ માંથી લોન ઉપર લીધેલી હતી જેથી સદર ટ્રક ચોરી અંગેની ફરીયાદ ફીરોઝભાઈએ કોસંબા પો.સ્ટે.માં આપેલી. પોલીસે મારુ નામ−ઠામ પુછી પુછપરછ કરેલી અને નિવેદન લીધેલુ. આ મારો ડ્રાઈવર અમ્રુતભાઇ વનજીભાઇ કોરોના સમય પછી મને મળેલ નથી અને હાલ ક્યાં છે તે મને ખબર નથી. આ મારી ગાડી કોણ ચોરી ગયેલુ તેની મને ખબર નથી."

આરોપીઓ સામે સી.આર.પી.સી.ની કલમ−૨૯૯ મુજબ કેસ ચલાવવામાં આવાત સદરહું પંચ સાહેદોની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૯/૩) ફરિયાદપક્ષે આંક −૧૪ થી ફરીયાદી ફીરોજ અબ્દુલ રઝાક શેખનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, "કહેવાતો ચોરીનો બનાવ આજથી ૧૬ વર્ષ પહેલા બનેલો. બનાવ ના અરશામાં હું સિમેન્ટ, ઇંટ, રેતી−કપચીનો વેપાર કરી મારુ ગુજરાન ચલાવતો હતો. બનાવ ના અરશામાં હું મારા મિત્ર આનંદ વર્મા કે જે બિલ્ડીંગ કોન્ટ્રાક્ટનુ કામ કરતો હોય જેની સાથે મળી અમોએ ભાગીદારીમાં એક ટ્રક GJ19−V−779 ખરીદ

કરેલ હતી. આ ટ્રકમાં બનાવના અરસામાં ડ્રાઈવર તરીકે અમ્રુત વનજી પાટીલ નોકરી કરતો હતો. અને તે આ ટ્રક સુરત થી માંડવા, અંકલેશ્વર રેતી ભરી કીમ ચાર રસ્તા ખાતે રેતી ખાલી કરી ત્યાંથી ઇંટો ભરી સુરત ખાલી કરવાના ફેરા મારતો હતો. બનાવના દીવસે સાંજે ઉપરોક્ત ટ્રક અમારો ડ્રાઇવર અમ્રુત પાટીલ સુરત થી માંડવા, અંકલેશ્વર રેતી ભરવા નિકળેલો હતો. ત્યારે તેનો મારા ઉપર ફોન આવી જણાવેલ કે તે ટ્રક લઈ પાલોદ ગામની સીમમાં NH–48 ની બાજુમાં આવેલ રોયલ ઈન. હોટલ પર ચા–પાણી કરવા માટે ગયેલ ત્યારે ઉપરોક્ત ટ્રક તેને હોટલના કમ્પાઉડમા ઉભી રાખેલ હતી અને ચા–પાણી કરી પરત આવતા ટ્રક પાર્ક કરેલ જગ્યા ઉપર જોવા મળેલી નહી. અને આજુબાજુ નજીકમાં પણ તપાસ કરતા મળી આવેલ નહી. જેથી, હું ઉપરોક્ત જગ્યાએ જઇ તપાસ કરેલી અને ટ્રકની શોધ–ખોળ કરેલી પરંતુ મળી આવેલ નહી. ઉપરોક્ત ટ્રક અમોએ શ્રી રામ ફાઈનાન્સમાંથી લોન ઉપર લીધેલી હતી જેથી સદર ટ્રક ચોરી અંગેની ફરીયાદ અમોએ જે તે સમયે કોસંબા પો સ્ટે માં આપેલી. જે પોલિસ ફરિયાદ મને બતાવવામાં આવે જે ફરિયાદ માં મારી નીચે સહી છે જે સહિ ઓળખી બતાવુ છું.સદર હુ ફરિયાદની ઝેરોક્ષને આ કામે રજુ દાખલ આંક–૧૫ આપવામાં આવે છે. આ મારો ડ્રાઈવર અમ્રુતભાઇ વનજીભાઈ કોરાના સમય પછી મને મળેલ નથી અને હાલ ક્યાં છે તે મને ખબર નથી. આ મારી ગાડી કોણ ચોરી ગયેલુ તેની મને ખબર નથી."

આરોપીઓ સામે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબ કેસ ચલાવવામાં આવાત સદરહું પંચ સાહેદોની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૯/૪) ફરિયાદપક્ષે આંક –૨૨ થી પંચ સાહેદ લક્ષ્મણભાઇ બેચરભાઇ પરમારનાઓને તપાસવામાં આવેલ છે, તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે

કે, "કોસંબા પોલીસે મને આજથી સતરેક વર્ષ પહેલા કોસંબા પો.સ્ટે બોલાવેલ અને હસ્ત લેખીત કાગળ ઉપર સહી કરવાનુ કહેતા મે તેમા સહી કરેલી તેમા શૂ લખેલુ તે મે વાચેલુ નહી અને પોલીસે મને કઈ વાચી સંભળાવેલ નહી. મને ત્રણ પંચનામાઓ બતાવવા આવે છે તે જોઈને હુ કહુ છુ કે તેમા પંચ નં. ૨ તરીકે મારી સહિ છે જે સહી હુ ઓળખી બતાવુ છુ. સદરહુ પંચનામાને આ કામે રજૂ દાખલ આંક−૨૩, ૨૪ અને ૨૫ આપવામા આવે છે." સદરહું પંચ સાહેદે સદરહું પંચનામાઓની કોઇ હકીકતને સમર્થન આપેલ નથી. તેઓએ ફકત સદરહું પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની કોઇ હકીકતને સમર્થન આપેલ નથી.

સદરહું પંચ સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય, વિ.એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા છતાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

આરોપીઓ સામે સી.આર.પી.સી.ની કલમ−૨૯૯ મુજબ કેસ ચલાવવામાં આવાત સદરહું પંચ સાહેદોની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામ ફરીયાદીની ટ્રકની ચોરી આ કામના આરોપીઓએ કરેલ છે. ફરીયાદપક્ષે સૌ પ્રથમ આંક−૦૯ તથા આંક−૧૧ થી હાલના કામના ગુનાવાળી જગ્યાના પંચ સાહેદોનો પુરાવો રજુ કરેલ છે. સદરહું પંચ સાહેદોએ તેમના પુરાવા દરમ્યાન આંક−૧૦ ના ગુનાવાળી જગ્યાના પંચનામામાની તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. તેમજ તેમાની મહત્વની હકીકતોને સમર્થન નહિ આપતા તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ છે. ત્યારબાદ, તેઓની ફરીયાદપક્ષ તર્ફે

ઉલટ તપાસ કરવા છતાં પણ તેઓએ ફરીયાદપક્ષના કેસને લેષમાત્ર સમર્થન મળેલ નથી. જેથી, ફરીયાદપક્ષે રજુ કરેલ આંક–૧૦ નું ગુનાવાળી જગ્યાનું પંચનામું ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

ત્યારબાદ, ફરીયાદપક્ષે આંક–૧૪ થી ફરીયાદીને તથા આંક–૧૬ થી સાહેદનો પુરાવો રજુ કરેલ છે. સદરહું બંને સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ છે. પરંતુ સદરહું સાહેદોએ હાલના કામનો તેઓનો ચોરાયેલ ટ્રકની શોધખોળ કરતાં તેઓને ટ્રક મળી આવેલ ન હોવાથી તેઓએ હાલના કામની ફરીયાદ કરેલાનું જણાવેલ છે. સદરહું સાહેદોના પુરાવા પરથી હાલના કામના આરોપીઓએ તેઓના ટ્રકની ચોરી કરેલાનું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

ત્યારબાદ, ફરીયાદપક્ષે આંક–૨૨ થી હાલના કામના આરોપીઓના અટકના પંચનામાના પંચ સાહેદનો પુરાવો રજુ કરેલ છે. સદરહું પંચ સાહેદે તેમના પુરાવા દરમ્યાન આંક–૨૩ થી ૨૫ ના આરોપીઓના અટકના પંચનામાઓમાની તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. તેમજ તેમાની મહત્વની હકીકતોને સમર્થન નહિ આપતા તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ છે. ત્યારબાદ, તેઓની ફરીયાદપક્ષ તર્ફે ઉલટ તપાસ કરવા છતાં પણ તેઓએ ફરીયાદપક્ષના કેસને લેષમાત્ર સમર્થન મળેલ નથી. જેથી, ફરીયાદપક્ષે રજુ કરેલ આંક–૨૩ થી ૨૫ ના આરોપીઓના અટકના પંચનામાઓ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

આમ, આ કેસ ૧૭ વર્ષ જુનો હોઈ તથા આરોપી નં. ૨ થી ૪ ની ગેરહાજરીમા પુરાવો નોંધવાનો હુકમ કરેલ હોઈ , પરંતુ રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપી નં. ૨ થી ૪ ને ગુનામા પ્રત્યક્ષ સંડોવણી થાય તેવો પુરાવો આવેલ નથી જેથી આરોપીઓની ગેરહાજરીમા ચુકાદો આપવામા આવે તો એક

ખુબ જુના કેસનો ન્યાયીક નીકાલ થાય તેમ છે. આમ, ફરીયાદપક્ષે ચોરી જેવા ગુનામાં સ્વતંત્ર અને મહત્વના કહી શકાય તેવા પંચ સાહેદોનો પુરાવો મહત્વનો બની રહે છે. પરંતુ હાલના કામે ફરીયાદપક્ષે હાલના કામના પંચ સાહેદોનો પુરાવો રજુ કરેલ છે તે તમામ પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને લેષમાત્ર સમર્થન આપેલ નથી. જેથી, આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર થતાં નથી. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ– ૩૭૯ તથા ૧૧૪ અન્વયેનું તહોમત નિશંકપણે પુરવાર કરી શકેલ નથી, જેથી, મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**– આખરી હુકમ –**

(૧) આ કામના આરોપીઓ નં.૨ થી ૪ ને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૪૮ (૧) અન્વયે ઈ.પી.કો. કલમ– ૩૭૯ તથા ૧૧૪ મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓનં ૨ થી ૪નાએ ક્રિ.પ્રો. કોડની કલમ ૪૩૭ (એ) અન્વયે અપીલ સમયની મુદતનાં રૂા.૫,૦૦૦ /– ના જામીન તથા જાતમુચરકા રજૂ કરવા.

હુકમ આજ તારીખ– ૦૭ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(કે. આર. ત્રિવેદી)**

**એડીશનલ ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ, માંગરોલ, જી.સુરત.**

GJ 01275